# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org


જા.નં ૭૫૬૨ તા.૦૩/૦૭/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ
સુરત, જિ. સુરત

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડના પરિપત્ર ક્રમાંક: મઉશબ/સંશોધન/૨૦૨૪/૧૭૦૬-૪૦ તા.૧૨/૦૬/૨૦૨૪ના પરિપત્રમાં બોર્ડે નિર્દેશિત કરેલ ધોરણ-9 અને ધોરણ-૧૧ના વર્ગ બઢતીના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

બીડાણ: ઉપરોક્ત પરિપત્ર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

## ધોરણ-9 અને ધોરણ-11 ના વર્ગબઢતીના નિયમો બાબત.

ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓ માટે હાલના ધોરણ-9 અને ધોરણ-11 ના વર્ગબઢતીના નિયમોમાં પુનઃ પરીક્ષા (રી-ટેસ્ટ)ની જોગવાઈ નથી. ધોરણ-9 અને ધોરણ-11 માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા (રી-ટેસ્ટ) લેવા અંગેની રજૂઆતો શાળાઓ દ્વારા કરવામાં આવતી હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં વિદ્યાર્થીને પરિણામ સુધારવા માટેની તક મળે તેવી જોગવાઈ કરવા જણાવેલ છે. સદર બાબત ધ્યાને લઈને તા.07/06/2024 ના રોજ મળેલ બોર્ડની શૈક્ષણિક સમિતિમાં સંદર્ભ દર્શિત ઠરાવ ક્રમાંક:02/2024 થી વિદ્યાર્થીઓના હિતમાં કરવામાં આવેલ નિર્ણય મુજબ હાલના વર્ગબઢતીના નિયમોમાં નીચે દર્શાવ્યા મુજબની જોગવાઈ શૈક્ષણિક વર્ષ 2023-24 થી કરવામાં આવે છે.

"જે વિદ્યાર્થી જે શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં જે વિષયોમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થી માટે શાળા કક્ષાએ તે વિષયોની પુનઃ પરીક્ષા ત્યાર પછીના શૈક્ષણિક વર્ષની શરૂઆતના 15 દિવસમાં લેવાની રહેશે. વિદ્યાર્થીની પુનઃ પરીક્ષાના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે."

ધોરણ-9 અને ધોરણ-11 ના વર્ગબઢતીના સુધારેલ નિયમોની જોગવાઈ શૈક્ષણિક વર્ષ 2023-24 થી લાગુ કરેલ હોઈ શૈક્ષણિક વર્ષ 2023-24 માં ધોરણ-9 અને ધોરણ-11 ની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા શાળાકક્ષાએ તા.29/06/2024 સુધીમાં લઈને તેના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે.

આ અંગે બોર્ડના તા.12/06/2024 ના પરિપત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ મોકલી આપવામાં આવેલ છે તેમજ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પરિપત્ર મુકવામાં આવેલ છે. આ અંગે ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ: 15/06/2024

E:\HK\વર્ગબઢતી નિયમો\અખબારી યાદી - 15.6.2024.docx

પરિપત્ર - વર્ગબઢતી

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૭૦૬-૪૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૨/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના નિયમો બાબત.
સંદર્ભ :- ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની શૈક્ષણિક સમિતિની તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકના ઠરાવ ક્રમાંક:૦૨/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)ના વર્ગબઢતીના નિયમો બોર્ડના તા.૨૭/૦૮/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૭૯-૪૨૧૬ થી અમલમાં છે. ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ) સિવાયના અન્ય પ્રવાહો માટેના વર્ગબઢતીના નિયમો બોર્ડના તા.૨૭/૦૯/૨૦૧૬ ના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૬/૨૬૭ થી અમલમાં છે. હાલના ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના નિયમોમાં પુનઃ પરીક્ષા (રી-ટેસ્ટ) ની જોગવાઈ નથી. ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા (રી-ટેસ્ટ) લેવા અંગેની રજૂઆતો શાળાઓ દ્વારા કરવામાં આવતી હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં વિદ્યાર્થીને પરિણામ સુધારવા માટેની તક મળે તેવી જોગવાઈ કરવા જણાવેલ છે. સદર બાબત ધ્યાને લઈને તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ બોર્ડની શૈક્ષણિક સમિતિમાં સંદર્ભ દર્શિત ઠરાવ ક્રમાંક:૦૨/૨૦૨૪ થી વિદ્યાર્થીઓના હિતમાં કરવામાં આવેલ નિર્ણય મુજબ હાલના વર્ગબઢતીના નિયમોમાં ધોરણ-૯ માટે નિયમ-૬ (૭), ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ) માટે નિયમ નં-૫ (૮) અને ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ) માટે નિયમ નં-૮ (ફ) માં નીચે દર્શાવ્યા મુજબની જોગવાઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી કરવામાં આવે છે.

"જે વિદ્યાર્થી જે શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં જે વિષયોમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થી માટે શાળા કક્ષાએ તે વિષયોની પુનઃ પરીક્ષા ત્યાર પછીના શૈક્ષણિક વર્ષની શરૂઆતના ૧૫ દિવસમાં લેવાની રહેશે. વિદ્યાર્થીની પુનઃપરીક્ષાના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે."

ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના સુધારેલ નિયમોની જોગવાઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી લાગુ કરેલ હોઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ ની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા શાળાકક્ષાએ તા.૨૯/૦૬/૨૦૨૪ સુધીમાં લઈને તેના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે. જે અંગે નોંધ લેશો.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:- ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના
વર્ગબઢતીના સુધારેલ નિયમો.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા), (વિ.પ્ર./સા.પ્ર./SSC), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\વર્ગબઢતી નિયમો\પત્ર - 12-6-24 docx

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ થી અમલી**

**વર્ગ બઢતીના નિયમો : ધોરણ-૯**

**[ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ સેક્શન ૧૭(૧૦) અન્વયે]**

| | |
|---|---|
| નિયમ-૧ | દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ દરેક સત્રમાં એક પરીક્ષા બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે લેવાની રહેશે. |
| નિયમ-૨ | રજીસ્ટર્ડ માધ્યમિક શાળાઓએ વર્ષ દરમ્યાન લેવાની પરીક્ષાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ વિષયવાર પ્રશ્નપત્રના પરિરૂપને અનુસરીને પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે.<br>અ) પ્રથમ પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવાના રહેશે.<br>બ) બીજી પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી ૧૫ ગુણ(૩૦%)નાં પ્રશ્નો પૂછવા અને પ્રથમ પરીક્ષાથી બીજી પરીક્ષા સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૩૫ ગુણ(૭૦%) પ્રશ્નો પૂછવાના રહેશે.<br>ક) વાર્ષિક પરીક્ષા માટે ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે. |
| નિયમ-૩ | દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયો સિવાયના સૈદ્ધાંતિક વિષયો જેવા કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અન્ય ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વગેરે માટે લેવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ બઢતી મેળવવા માટે આ ત્રણ પરીક્ષાઓ પૈકી બે પરીક્ષાઓ આપવી ફરજિયાત રહેશે. પાસ થવા માટે દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૩૩% ગુણ મેળવવાના રહેશે. બઢતી મેળવવાના વિષયમાં દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવવાના રહેશે. દરેક વિષયની પરીક્ષા ફરજિયાત રહેશે. |
| નિયમ-૪ | <u>સૈદ્ધાંતિક વિષયો માટે</u> :-<br>• પ્રથમ પરીક્ષા -૫૦ ગુણ (સમય – ૨ કલાક)<br>• દ્વિતીય પરીક્ષા -૫૦ ગુણ (સમય – ૨ કલાક)<br>• વાર્ષિક પરીક્ષા-૮૦ ગુણ (સમય – ૩ કલાક)<br>• આંતરિક મૂલ્યાંકન-૨૦ ગુણ |

આંતરિક મૂલ્યાંકનનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.

- ૫ ગુણ - પ્રથમ સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) :-
  પ્રથમ સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ)લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.
- ૫ ગુણ - દ્વિતીય સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) :-
  દ્વિતીય સત્રમાં શાળાએ પોતાની અનુકુળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.
- ૫ ગુણ - નોટબુક સબમીશન :-
  વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમ્યાન તૈયાર કરેલ વર્ગકાર્ય/ગૃહકાર્યની નોટબુકનાં રહેશે.
- ૫ ગુણ - સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી :-
  વિષય સંવર્ધન પ્રવૃતિ જેવી કે વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય, ભાષાઓમાં સ્પીકિંગ-લીસનીંગ ટેસ્ટ/ નિબંધ લેખન કાર્ય, સામાજિક વિજ્ઞાનમાં પ્રોજેક્ટ/ નકશાપોથી, અન્ય વિષયોમાં પ્રોજેક્ટ વગેરે કરવાના રહેશે. જેનો ગુણભાર ૫ ગુણ રહેશે.

નોંધ: રજીસ્ટર્ડ થયેલ સામાન્ય શાળા, ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાઓના સૈદ્ધાંતિક વિષયો માટેનું વર્ગીકરણ ઉપર મુજબ રહેશે તેમજ ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાના ઉદ્યોગ માટે પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે.

**નિયમ-૫**

સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયોની વર્ષ દરમ્યાન એક જ વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. આ વિષયોનાં ગુણ કુલ ટકાવારીમાં ન ગણવા. આ વિષયોમાં પરિશિષ્ટ-ખમાં દર્શાવ્યા પ્રમાણે ગ્રેડ આપવાનો રહેશે. આ વિષયોનું પરીક્ષાનું માળખું નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| સૈદ્ધાંતિક પરીક્ષા | - ૪૦ ગુણ |
| પ્રાયોગિક પરીક્ષા | - ૪૦ ગુણ |
| આંતરિક મૂલ્યાંકન (પરિશિષ્ટ-ક પ્રમાણે) | - ૨૦ ગુણ |
| | કુલ - ૧૦૦ ગુણ |

**નિયમ-૬**

૧. દરેક સૈદ્ધાંતિક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ માંથી ૬૬ ગુણ(૩૩%) એટલે કે ૧૦૦ માંથી ૩૩ ગુણ મેળવવાના રહેશે અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ગુણના આધારે તૈયાર કરવાના રહેશે. સંગીત, ચિત્રકામ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયોમાં વાર્ષિક ૧૦૦ ગુણની પરીક્ષામાંથી ૩૩% ગુણ મેળવવાનાં રહેશે એટલે કે આ વિષયોમાં વિદ્યાર્થીએ ઓછામાં ઓછો D ગ્રેડ મેળવવાનો રહેશે. આ વિષયોમાં E ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી વર્ગબઢતીને પાત્ર રહેશે નહિ.

૨. એકંદરે ૩૩% થી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ ૧ ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપવાનો રહેશે. આ સિદ્ધિ ગુણ કહેવાશે. તેને વત્તા (+) કરી અલગ ગુણ દર્શાવવાના રહેશે. આ રીતે સિદ્ધિ ગુણ મેળવનાર રેન્કને પાત્ર રહેશે.

૩. એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે આચાર્યશ્રી કુલ ૧૦ કૃપા ગુણની મર્યાદામાં ખૂટતા જરૂરી ગુણ આપી શકશે. આ કૃપા ગુણ પણ વત્તા(+) કરી અલગ દર્શાવવાના રહેશે. આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહિ.

૪. દરેક વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં સૈદ્ધાંતિક વિષયોમાં કુલ ૨૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતર કર્યા બાદ સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપવાના રહેશે.

૫. દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.

૬. આ રીતે મેળવેલ સિદ્ધિગુણ કે કૃપા ગુણનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહિ.

૭. જે વિદ્યાર્થી જે શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં જે વિષયોમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થી માટે શાળાકક્ષાએ તે વિષયોની પુનઃપરીક્ષા ત્યાર પછીના શૈક્ષણિક વર્ષની શરૂઆતના ૧૫ દિવસમાં લેવાની રહેશે. વિદ્યાર્થીની પુનઃપરીક્ષાના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે.

**નિયમ-૭**

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારાની કલમ ૧૭(૬) અન્વયે કોઈ પણ રજિસ્ટર્ડ માધ્યમિક શાળા પરીક્ષા પદ્ધતિ અંગે પ્રયોગ કરવા સ્વતંત્ર છે, પણ તે પરીક્ષા યોજના માટે બોર્ડની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

૨. કોઇપણ રજિસ્ટર્ડ માધ્યમિક શાળા આ વર્ગબઢતીના નિયમોથી ઉંચી કક્ષાના નિયમો રાખવા ઇચ્છતી હોય તો તે શાળાએ ૩૧ જુલાઇ સુધીમાં બોર્ડની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે. અને બોર્ડની પૂર્વ મંજૂરી મેળવીને ઊંચી કક્ષાના નિયમો રાખી શકાશે. આવા નિયમો દાખલ કરતી વખતે શાળાએ તેના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓના વાલીને સમયસર જાણ કરવાની રહેશે

3. અકસ્માત અથવા માંદગીના ખાસ સંજોગોમાં એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી બાબત આચાર્યશ્રી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઇ નિર્ણય કરશે.

(૧) આવા વિદ્યાર્થીએ આપેલી અન્ય પરીક્ષામાં મેળવેલ ગુણને ટકામાં રૂપાંતર

| | |
|---|---|
| | કરી ગેરહાજર રહેલા પરીક્ષાના ગુણ ગણી નિયમ પ્રમાણે વર્ગ બઢતીને લાયક ગણવો.<br><br>(૨) કોઈ પણ વિદ્યાર્થીની શાળામાં હાજરી ૧૦૦% ફરજિયાત રહેશે.<br>• પરંતુ વિદ્યાર્થીઓની માંદગી, કુટુંબમાં શોક, માબાપ અથવા વાલીની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી અથવા રહેઠાણમાં ફેરફાર જેવા ખાસ સંજોગોમાં નીચે દર્શાવ્યા પ્રમાણે હાજરીની તૂટ મંજૂર કરી શકાશે.<br>• ૧૫ ટકા સુધીની છૂટ આચાર્યશ્રી આપી શકશે.<br>• ૧૫ થી ૨૫ ટકા સુધીની છૂટ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી આપી શકશે. (૧૫ ટકાથી વધુ)<br>• ૨૬ ટકા કે તેથી વધુની છૂટ બોર્ડના સચિવશ્રીની પૂર્વ પરવાનગીથી આપી શકાશે.<br>(3) જો કોઈ વિદ્યાર્થી સમગ્ર પરીક્ષામાં ગેરહાજર ન રહેતા એક કે વધુ વિષયમાં ગેરહાજર હોય તો તે વિષયની વિદ્યાર્થીએ અગાઉ આપેલી પરીક્ષાના ગુણને ટકાવારીમાં રૂપાંતર કરી ગેરહાજર રહેલા વિષયોમાં નિયમ પ્રમાણે વર્ગબઢતીને લાયક ગણવો.<br>૪. શાળામાં શીખવવામાં આવતા બધા જ ફરજિયાત વિષયોને ગણતરીમાં લઇ વર્ગ બઢતી આપવાની રહેશે.<br>૫. જે વિષયોની વર્ષમાં એક જ પરીક્ષા લેવાની જોગવાઈ છે તે વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થી અનિવાર્ય કારણસર ગેરહાજર રહે તો તે પરીક્ષાનું પરિણામ આંતરિક ગુણના આધારે કરવું.<br>૬. સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયમાંથી જે પરીક્ષાર્થીને પ્રાયોગિક પરીક્ષામાં મુક્તિ મળી હોય તેવા પરીક્ષાર્થીની પરીક્ષા લેવાની રહેશે નહિ. પરંતુ તેને સૈદ્ધાંતિક અને આંતરિક ગુણના આધારે ૧૦૦ ગુણમાંથી રૂપાંતરિત કરવા.<br>૭. માંદગી સબબ(Medical Ground) કોઈ એક વિષય કે કોઈ એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી વર્ગ બઢતી મેળવે તો તે રેન્કને પાત્ર રહેશે નહી.<br>૮. "કોઈ એક પરીક્ષા કે એક વિષયની પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી જો શાળાની પૂર્વ મંજૂરીથી રાજ્ય કે રાષ્ટ્રની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને નિયમાનુસાર વર્ગબઢતી આપવી" જે રેન્કને પાત્ર રહેશે.<br>૯. આચાર્યશ્રી જરૂર પડે તો પોતે કે વિષયના નિષ્ણાંત પાસે શિક્ષકોએ તપાસેલી ઉત્તરવહીનું મોડરેશન કરી/કરાવી શકશે.<br>૧૦. તમામ પરીક્ષાર્થીઓની ઉતરવહીઓ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને બતાવવાની રહેશે. |
| નિયમ-૮ | ધોરણ-૧૦/૧૨ની જાહેર પરીક્ષામાં જે પ્રમાણે દિવ્યાંગ બાળકોને બોર્ડ દ્વારા છૂટછાટ આપવામાં આવી છે, તેવી જ છૂટછાટ ધોરણ-૯ની શાળાકીય પરીક્ષામાં પણ આપવાની રહેશે. |

# પરિશિષ્ટ-ક

## સંગીત, ચિત્રકામ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કમ્પ્યૂટર અધ્યયનનું આંતરિક મૂલ્યાંકન

| ક્રમ | વિષય | વર્ગીકરણના મુદ્દાઓ | ગુણભાર | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | સંગીત | ૧. ગૃહ કાર્ય/વર્ગ કાર્ય | ૧૦ | ૨૦ |
| | | ૨. પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય (વર્ષ દરમ્યાનનું) | ૧૦ | |
| ૨ | ચિત્રકામ | ૧. ગૃહ કાર્ય/વર્ગ કાર્ય | ૧૦ | ૨૦ |
| | | ૨. ચિત્રપોથી/પ્રોજેક્ટ કાર્ય (વર્ષ દરમ્યાનનું) | ૧૦ | |
| ૩ | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | ૧. ગૃહ કાર્ય/વર્ગ કાર્ય | ૧૦ | ૨૦ |
| | | ૨. મેદાન પરનું કાર્ય /પ્રોજેક્ટ કાર્ય (વર્ષ દરમ્યાનનું) | ૧૦ | |
| ૪ | કમ્પ્યૂટર અધ્યયન | ૧. ગૃહ કાર્ય/વર્ગ કાર્ય | ૧૦ | ૨૦ |
| | | ૨. પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય (વર્ષ દરમ્યાનનું) | ૧૦ | |

ઉતર બુનિયાદી અને ટેકનીકલ શાળાઓ માટે:

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| ૧ | પ્લોટ અને જોબવર્ક | ૦૬ |
| ૨ | ઝડપ અને સુઝ | ૦૬ |
| ૩ | વર્કશોપ (ગૌશાળા) | ૦૬ |
| ૪ | પ્રયોગપોથી/જર્નલ | ૦૬ |
| ૫ | પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય | ૦૬ |
| | કુલ ગુણ | ૩૦ |

# પરિશિષ્ટ- ખ

| ગ્રેડ વર્ગીકરણ | |
|---|---|
| ગુણ | ગ્રેડ |
| ૯૧ થી ૧૦૦ | A+ |
| ૮૧ થી ૯૦ | A |
| ૭૧ થી ૮૦ | B+ |
| ૬૧ થી ૭૦ | B |
| ૫૧ થી ૬૦ | C+ |
| ૪૧ થી ૫૦ | C |
| ૩૩ થી ૪૦ | D |
| ૩૩ થી ઓછા | E |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## ગાંધીનગર.

## શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ થી અમલી

### વર્ગ બઢતીના નિયમો ધોરણ-૧૧

(સામાન્યપ્રવાહ / ઉ.બુનિયાદી / વ્યવસાયલક્ષી પ્રવાહ માટે)

[ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ સેક્શન ૧૭(૧૦) અન્વયે]

| | |
|---|---|
| નિયમ નં-૧ | દરેક રજિસ્ટર્ડ માધ્યમિક શાળાએ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ (કસોટી) નિયમ-૭ માં દર્શાવેલા વિષયો સિવાયના વિષયો માટે લેવાની રહેશે. આ ત્રણ કસોટીઓ પૈકી બે કસોટીઓમાં ઉપસ્થિત રહેવું દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત રહેશે. પાસ થવા માટે દરેક વિષયમાં ઓછામાં ઓછા ૩૩ ટકા ગુણ હોવા જોઈએ. દરેક વિષયની પરીક્ષા ફરજિયાત રહેશે. |
| નિયમ નં-૨ | દરેક રજિસ્ટર્ડ માધ્યમિક શાળાએ દરેક સત્રમાં એક કસોટી બોર્ડ સૂચવે તે પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સૂચવે તે તારીખથી લેવાની રહેશે. |
| નિયમ નં-૩ | રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓએ પ્રશ્નપત્ર કાઢવામાં નીચેની બાબતો ધ્યાનમાં લેવી.<br>(અ) પ્રથમ કસોટીમાં પ્રથમ કસોટી સુધી થયેલ અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવા.<br>(બ) બીજી કસોટીમાં પ્રથમ કસોટી સુધી થયેલ અભ્યાસક્રમાંથી ૩0% ગુણના પ્રશ્નો પુછવા અને પ્રથમ કસોટીથી બીજી કસોટી સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૭0% પ્રશ્નો પૂછવા.<br>(ક) વાર્ષિક પરીક્ષામાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવા તમામ પ્રકરણોને યોગ્યતા મુજબ ભારાંક આપવો. |
| નિયમ નં-૪ | નિયમ-૭ માં દર્શાવેલ વિષયો સિવાયના વિષયો માટે વર્ષ દરમ્યાન વિવિધ સમયે કરવાના પરીક્ષણની વિગતોનું વર્ગીકરણ નીચે પ્રમાણે રહેશે.<br>રજીસ્ટર થયેલ સામાન્ય શાળાઓના સૈદ્ધાંતિક વિષયો માટેનું વર્ગીકરણ (નિયમ ૫ - અ) પ્રમાણે રહેશે. તથા ઉ.બુ.શાળા, ટેકનીકલ અને વિવિધલક્ષી શાળાઓના પ્રાયોગિક પાસું ધરાવતા વિષયોમાં વર્ગીકરણ (નિયમ ૫ - બ) પ્રમાણે રહેશે. |
| નિયમ નં-૫ | ૮૦ ગુણના પ્રશ્નપત્રનો સમય ત્રણ કલાક અને ૫૦ ગુણના પ્રશ્નપત્રનો સમય બે કલાકનો રહેશે. |

| [ અ ] | | | [ બ ] | | |
|---|---|---|---|---|---|
| સૈદ્ધાંતિક વિષયો માટે | | | ઉ.બુ. અને ટેકનિકલ શાળાના ઉદ્યોગો માટે | | |
| ૧ | વાર્ષિક પરીક્ષા | ૮૦ ગુણ | ૧ | વાર્ષિક પરીક્ષા | ૮૦ ગુણ |
| ૨ | પ્રથમ કસોટી | ૫૦ ગુણ | ૨ | પ્રથમ કસોટી | ૫૦ ગુણ |
| ૩ | દ્વિતિય કસોટી | ૫૦ ગુણ | ૩ | દ્વિતિય કસોટી | ૫૦ ગુણ |
| ૪ | વર્ષ દરમિયાન થયેલ કાર્યના આધારે આંતરિક ગુણ | ૨૦ ગુણ | ૪ | વર્ષ દરમિયાન થયેલ કાર્યના આધારે આંતરિક ગુણ | ૨૦ ગુણ |
| કુલ :- ૨૦૦ ગુણ<br>(૨૦ ગુણનું આંતરિક વિભાજન પરિશિષ્ટ (ક)માં દર્શાવેલ છે) | | | કુલ :- ૨૦૦ ગુણ<br>પ્રાયોગિક કાર્ય (૨૦+૩૦) ૫૦ ગુણ<br>(૨૦ ગુણનું આંતરિક વિભાજન પરિશિષ્ટ (ક)માં દર્શાવેલ છે) | | |

- જો કોઈ વિષયની પ્રાયોગિક પરીક્ષામાં ૧૭ કરતા ઓછા ગુણ હશે તો, ધોરણ-૧૧ માંથી ધોરણ-૧૨ માં વર્ગ બઢતી મળી શકશે નહીં.
- પ્રાયોગિક પરીક્ષાના ગુણ ગ્રાન્ટ ટોટલમાં ગણવા નહીં.

**નિયમ નં-૬**

દરેક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ માંથી ૬૬ ગુણ (૩૩%) એટલે કે ૧૦૦ માંથી ૩૩ ગુણ મેળવવાના રહેશે અને પરીક્ષાનું ફાઈનલ પરિણામ / ગુણપત્રક ૧૦૦ ગુણના આધારે બનાવવાનું રહેશે.

**નિયમ નં-૭**

સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ તથા ઉદ્યોગ જેવા વિષયોની વર્ષ દરમિયાન એક જ વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. આ વિષયોના ગુણ કુલ ટકાવારીમાં ન ગણવા. આ વિષયોમાં ગ્રેડ આપવાનો રહેશે. આ વિષયોનું પરીક્ષાનું માળખું નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| ૧) સૈદ્ધાંતિક પરીક્ષા* - | ૪૦ ગુણ* |
| ૨) વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા – | ૪૦ ગુણ |
| ૩) વર્ષ દરમ્યાન કરેલ કાર્યના આધારે આંતરિક ગુણ | ૨૦ ગુણ |
| કુલ ગુણ | ૧૦૦ ગુણ |

નોંધ :-
- આંતરિક ૨૦ ગુણનું આંતરિક વિભાજન પરિશિષ્ટ(ક)માં દર્શાવેલ છે.
- ૪૦ ગુણની સૈદ્ધાંતિક પરીક્ષાના પ્રશ્નપત્રમાં વિવિધ પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો પૂછવા અને તેના જવાબો આન્સરબુકમાં જ લખવાના રહેશે. જેનો સમયગાળો એક કલાકનો રહેશે.

| ગ્રેડ વર્ગીકરણ | |
|---|---|
| ગુણ | ગ્રેડ |
| ૯૧ થી ૧૦૦ | A+ |
| ૮૧ થી ૯૦ | A |
| ૭૧ થી ૮૦ | B+ |

| | |
|---|---|
| ૬૧ થી ૭૦ | B |
| ૫૧ થી ૬૦ | C+ |
| ૪૧ થી ૫૦ | C |
| ૩૩ થી ૪૦ | D |
| ૩૩ થી ઓછા | E |

નિયમ-૭ માં દર્શાવેલ વિષયો પૈકી કોઈપણ વિષયમાં E ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને ધોરણ-૧૧ માંથી ધોરણ-૧૨ માં વર્ગ બઢતી મળી શકશે નહીં.

**નિયમ નં-૮**

ધોરણ-૧૧ માટેના વર્ગબઢતીના નિયમો:

(અ) સૈદ્ધાંતિક, પ્રાયોગિક તેમજ વર્ષ દરમ્યાન કરેલ કાર્યના કુલ ગુણમાંથી પાસ થવા માટે દરેક વિદ્યાર્થીએ ૩૩% ગુણ મેળવવાના રહેશે.

(બ) જો કોઇ વિષય કે વિષયોમાં ૩૩% થી ઓછા ગુણ થતાં હોય તો એકંદરે ૩૩% થી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ ૧ ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપવાનો રહેશે. આ સિદ્ધિગુણ કહેવાશે. આ ગુણ વત્તા(+) કરી અલગ દર્શાવવાના રહેશે. તેનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહી. આ રીતે સિદ્ધિ ગુણ મેળવનાર રેન્કને પાત્ર રહેશે.

(ક) જો કોઇ વિષય કે વિષયોમાં ૩૩% થી ઓછા ગુણ મળે અને મળવાપાત્ર સિદ્ધિ ગુણ ઉમેર્યા પછી પણ ૩૩% ગુણ ન થાય તો તેવા વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે આચાર્ય કુલ ૧૦ કૃપા ગુણની મર્યાદામાં ખૂટતા જરૂરી ગુણ આપી શકાશે. આ કૃપા ગુણ પણ વત્તા(+) કરી અલગ દર્શાવવાના રહેશે. આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહિ.

(ડ) જો કોઇ વિદ્યાર્થીને નિયમ-૭ માં દર્શાવેલ વિષયો સહિત કોઇપણ વિષય કે વિષયોમાં ૩૩% થી ઓછા ગુણ મેળવેલ હોય તો તેવા વિદ્યાર્થીને તે વિષય કે વિષયોમાં ૨૫% કે તેથી વધુ ગુણ હોય તો જ સિદ્ધિગુણ કે કૃપાગુણનો લાભ મળવાપાત્ર રહેશે.

(ઇ) દરેક પરીક્ષાર્થીને પાસ થવા માટે મળવાપાત્ર સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.

(ફ) જે વિદ્યાર્થી જે શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં જે વિષયોમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થી માટે શાળાકક્ષાએ તે વિષયોની પુનઃપરીક્ષા ત્યાર પછીના શૈક્ષણિક વર્ષની શરૂઆતના ૧૫ દિવસમાં લેવાની રહેશે. વિદ્યાર્થીની પુનઃપરીક્ષાના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે.

**નિયમ નં-૯**

(૧) મેડિકલ કે કોપણ કારણોથી કોઇ એક વિષય કે વિષયોની પરીક્ષા ન આપી શકાય વિદ્યાર્થીને વર્ગ બઢતી આપવા બાબતે આચાર્યશ્રી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઇ નિર્ણય કરશે...

(અ) કોઇ વિષય કે વિષયોની પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થીને આપેલી પરીક્ષાઓમાં

મેળવેલ ગુણના આધારે જ વર્ગ બઢતી મળી શકતી હોય, તો રેન્ક મળવા રહેશે.

(બ) આપેલી પરીક્ષાઓમાં મેળવેલા ગુણથી જ વર્ગ બઢતી મળી શકે તેમ ન હોય પરંતુ જે વિષય કે વિષયોમાં ગેરહાજર હોય તે વિષયની આપેલી પરીક્ષાઓમાં મેળવેલા કુલ ગુણના પ્રમાણમાં ગેરહાજર પરીક્ષામાં જે તે વિષયમાં મળવાપાત્ર થતાં ગુણ મુક્યા પછી વર્ગ બઢતી મળવાપાત્ર થાય તો તેવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહી.

(ક) કોઇ વિષય કે વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થી ગેરહાજર હોય તો તે વિષય કે વિષયોની આપેલી પરીક્ષાઓમાં મેળવેલા કુલ ગુણના પ્રમાણમાં ગેરહાજર પરીક્ષામાં મળવાપાત્ર થતાં ગુણ મૂક્યા પછી પણ વર્ગ બઢતી મળવાપાત્ર ન થાય તો તે વિદ્યાર્થીને વર્ગ બઢતી આપવી નહીં.

(ડ) ઉદાહરણ : કોઇ વિદ્યાર્થીએ ગણિતમાં ૫૦ ગુણ ની પ્રથમ કસોટીમાં ૧૨ ગુણ અને ૮૦ ગુણની વાર્ષિક પરીક્ષામાં ૧૪ ગુણ મેળવેલ છે. ૫૦ ગુણની બીજી કસોટી આપેલ નથી.

તો તે વિષયની આપેલી પરીક્ષાઓના કુલ ૧૩૦ ગુણમાંથી મેળવેલા કુલ ગુણ ૨૬ થાય.

તો ગેરહાજર ૫૦ ગુણની બીજી કસોટીમાં તે વિષયમાં મળવાપાત્ર થતાં

ગુણ= $\frac{૨૬ \times ૫૦}{૧૩૦}$ = ૧૦ ગુણ મૂકવા

ગેરહાજર બીજી કસોટીના ખાનામાં ૧૦ ગુણ મૂકી તેની સાથે * નું નિશાન કરવું. અને સમગ્ર પરિણામની નીચે નોંધ કરવી. નોંધ:-* ગેરહાજર પરીક્ષામાં મળવાપાત્ર ગુણ દર્શાવે છે.

(ઇ) જે વિષયોની વર્ષમાં એક જ પરીક્ષા લેવાની જોગવાઇ છે તે વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થી અનિવાર્ય કારણસર ગેરહાર રહે, તો તે વિષયની પરીક્ષાનું પરિણામ આંતરિક ગુણના આધારે તૈયાર કરવું અને ગ્રેડ આપવા.

(ફ) સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયમાં પ્રાયોગિક પરીક્ષામાંથી મુક્તિ મળવાપાત્ર વિદ્યાર્થી પાસેથી સિવિલ સર્જનનું પ્રમાણપત્ર મેળવવું.

- આવા વિદ્યાર્થીના લેખિત પરીક્ષાના ૪૦ ગુણ તથા આંતરિક ગુણ ૨૦ તેમ કુલ ૬૦ માંથી મેળવેલા ગુણનું ૧૦૦ ગુણમાંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતર કરી તેને આધારે મળવાપાત્ર ગ્રેડ તે વિષયના પરિણામમાં દર્શાવવો.
- પરંતુ પરિણામમાં દર્શાવેલ ગ્રેડની બાજુમાં * નું નિશાન કરવું. અને પરિણામ પત્રક / પ્રગતિપત્રકમાં તેમના પરિણામમાં * દર્શાવીને પ્રાયોગિક પરીક્ષામાંથી મુક્તિ મેળવેલ છે તેની નોંધ કરવી.

(૨) જે વિષયોના પરિણામમાં ગ્રેડ આપવાના છે તે સિવાયના શાળામાં શીખવાતા બધા જ ફરજિયાત વિષયોના ગુણને ગણતરીમાં લઇ વર્ગ બઢતી આપવાની રહેશે.

(૩) કોઇપણ વિદ્યાર્થીની અનિવાર્ય કારણોસર વાર્ષિક પરીક્ષા વખતે શિક્ષણકાર્યના કુલ દિવસો માંથી ૮૦% હાજરી થતી ન હોય તો, તેવા ખાસ કેસોની પૂર્તતા કરવાની સત્તા જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રહેશે.

(૪) તમામ પરીક્ષાર્થીઓની ઉત્તરવહીઓ વાલીઓને બતાવવાની રહેશે.

(૫) જરૂર પડે તો તપાસાયેલી ઉત્તરવહીઓનું આચાર્યશ્રી પોતે કે વિષયના નિષ્ણાંત પાસે મોડરેશન કરાવી શકશે.

(૬) કોઇપણ રજિસ્ટર્ડ માધ્યમિક શાળા આ વર્ગબઢતીના નિયમોથી ઉંચી કક્ષાના નિયમો રાખવા ઇચ્છતી હોય તો તે શાળાએ ૩૧ જુલાઇ સુધીમાં બોર્ડની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે. અને બોર્ડની પૂર્વ મંજૂરી મેળવીને રાખી શકાશે. આવા નિયમો દાખલ કરતી વખતે શાળાએ તેના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓના વાલીને સવેળા જાણ કરવાની રહેશે.

(૭) ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારાની કલમ ૧૭(૬) અન્વયે કોઇપણ રજિસ્ટર્ડ માધ્યમિક શાળા પરીક્ષા પદ્ધતિ અંગે પ્રયોગ કરવા સ્વતંત્ર છે. પણ તે પરીક્ષા યોજના માટે બોર્ડની કચેરી દ્વારા મંજૂરી મેળવવાની રહેશે.

## પરિશિષ્ટ-ક

સૈદ્ધાંતિક વિષયના વર્ગીકરણ નિયમ-૫ માં જણાવેલ કાર્યના ૨૦ ગુણની ફાળવણી

| અ.નં. | વિષયનું નામ વર્ગીકરણના મુદ્દાઓ | ગુણભાર |
|---|---|---|
| ૧ | ટર્મ પેપર કુલ-2/સ્વાધ્યાય કુલ-2 | ૧૦ |
| ૨ | પુસ્તકાલયમાંથી અભ્યાસના ઉપયોગી બે પુસ્તકોનું અવલોકન અને નોંધકાર્ય/મૌખિક પ્રશ્નોત્તરી | ૦૫ |
| 3 | પ્રોજેક્ટસ<br>પ્રોજેક્ટસના અભ્યાસને સુસંગત સાહિત્ય એકઠું કરવું. | ૦૫ |
| | કુલ | ૨૦ |
| ૪ | શારીરિક શિક્ષણ અને ઉદ્યોગના 20 ગુણની કુલ વહેંચણી | |
| ૧ | શારીરિક શિક્ષણ | |
| | (અ) શિસ્ત અને નિયમિતતા | ૧૦ |
| | (બ) મેદાન પરનું કાર્ય/પ્રોજેક્ટ કાર્ય | ૧૦ |
| | કુલ | ૨૦ |
| ૨ | ઉદ્યોગ | |
| | (અ) વર્ગકાર્ય | ૧૦ |
| | (બ) પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય | ૧૦ |
| | કુલ | ૨૦ |
| 3 | કમ્પ્યૂટર | |
| | (અ) વર્ગકાર્ય અને ગૃહકાર્ય | ૧૦ |
| | (બ) પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય | ૧૦ |
| | કુલ | ૨૦ |

નોંધ:- આચાર્યશ્રી તેમજ સુપરવાઈઝરશ્રીઓએ જે તે વિષયોમાં યોગ્ય સમયાન્તરે આયોજન અનુસાર બુક રીવ્યુ, પ્રોજેક્ટ, સ્વાધ્યાય કાર્ય, ટર્મ પેપરનું નિયમિતપણે અવલોકન કરવા સાથે ગુણવત્તાસભર કાર્ય થાય તે માટે જરૂરી સૂચનો કરવા તેમજ માર્ગદર્શન પૂરું પાડવું.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## ગાંધીનગર

### શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ થી અમલી

### વર્ગ બઢતીના નિયમો: ધોરણ-૧૧(વિજ્ઞાન પ્રવાહ)

[ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ સેક્શન ૧૭(૧૦) અન્વયે]

| | |
|---|---|
| નિયમ-૧ | દરેક રજીસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા(વિજ્ઞાન પ્રવાહ)એ દરેક સત્રમાં એક પરીક્ષા બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે લેવાની રહેશે. |
| નિયમ-૨ | રજીસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) એ વર્ષ દરમ્યાન લેવાની પરીક્ષાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ વિષયવાર પ્રશ્નપત્રનાં પરિરૂપને અનુસરીને પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે.<br>અ) પ્રથમ પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવાના રહેશે.<br>બ) બીજી પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી ૧૫ ગુણ(૩૦%)નાં પ્રશ્નો પૂછવા અને પ્રથમ પરીક્ષાથી બીજી પરીક્ષા સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૩૫ ગુણ(૭૦%) પ્રશ્નો પૂછવાના રહેશે.<br>ક) વાર્ષિક પરીક્ષા માટે ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે.<br>ડ) વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન તેમજ કમ્પ્યૂટર અધ્યયનમાં ૫૦ ગુણની લેવાની રહેશે. આ પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ પ્રાયોગિક પરીક્ષાના માળખા પ્રમાણે લેવાની રહેશે. |
| નિયમ-3 | દરેક રજીસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ)એ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ નીચે દર્શાવેલા વિષયો માટે લેવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ બઢતી મેળવવા માટે આ ત્રણ પરીક્ષાઓ પૈકી બે પરીક્ષાઓ આપવી ફરજિયાત રહેશે. પાસ થવા માટે દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા 33% ગુણ મેળવવાના રહેશે. બઢતી મેળવવાના વિષયમાં દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવવાના રહેશે. દરેક વિષયની પરીક્ષા ફરજિયાત રહેશે.<br>જૂથ-૧:<br>૧. અંગ્રેજી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)<br>જૂથ-૨: કોઈ એક વિષય<br>૧. ગુજરાતી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા) |

| | |
|---|---|
| | ૨. હિન્દી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)<br>3. સંસ્કૃત/ફારસી/અરબી/પ્રાકૃત<br>૪. મરાઠી<br>૫. ઉર્દુ<br>૬. સિંધી<br>૭. કમ્પ્યૂટર અધ્યયન<br><br>જૂથ-3:<br>ગ્રુપ-A : ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન<br>ગ્રુપ-B : જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન<br>ગ્રુપ-AB : ગણિત, જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન |
| નિયમ-૪ | <u>સૈદ્ધાંતિક વિષયો માટે</u> :-<br>• પ્રથમ પરીક્ષા -૫૦ ગુણ (સમય – ૨ કલાક)<br>• દ્વિતીય પરીક્ષા-૫૦ ગુણ (સમય – ૨ કલાક)<br>• વાર્ષિક પરીક્ષા-૮૦ ગુણ (સમય – ૩ કલાક)<br>• આંતરિક મૂલ્યાંકન-૨૦ ગુણ<br>• વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન તેમજ કમ્પ્યૂટર અધ્યયનમાં ૫૦ ગુણની લેવાની રહેશે.<br><br>આંતરિક મૂલ્યાંકનનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.<br>• <u>૫ ગુણ-પ્રથમ સત્ર –સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ):</u><br>પ્રથમ સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ)લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.<br>• <u>૫ ગુણ-દ્વિતીય સત્ર - સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ):</u><br>દ્વિતીય સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.<br>• ૫ ગુણ- નોટબુક સબમીશન:<br>વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમ્યાન તૈયાર કરેલ વર્ગકાર્ય/ગૃહકાર્યની નોટબુકનાં રહેશે.<br>• <u>૫ ગુણ-સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી:</u><br>વિષય સંવર્ધન પ્રવૃતિ જેવી કે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિત તેમજ કમ્પ્યૂટર અધ્યયનમાં પ્રોજેક્ટ/એસાઇન્મેન્ટ, ભાષાઓમાં સ્પીકિંગ-લીસનીંગ ટેસ્ટ/નિબંધ લેખન વગેરે રહેશે. જેનો ગુણભાર ૫ ગુણ રહેશે. |
| નિયમ-૫ | ૧. દરેક સૈદ્ધાંતિક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ માંથી ૬૬ ગુણ(૩૩%) એટલે કે ૧૦૦ માંથી ૩૩ ગુણ મેળવવાના રહેશે અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ગુણના આધારે બનાવવાનું રહેશે. |

૨. પ્રાયોગિક પરીક્ષામાં પાસ થવા માટે ૫૦ માંથી ૧૭ ગુણ મેળવવાના રહેશે.

૩. એકંદરે ૩૩% થી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ ૧ ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપવાનો રહેશે. આ સિદ્ધિ ગુણ કહેવાશે. તેને વત્તા (+) કરી અલગ ગુણ દર્શાવવાના રહેશે. આ રીતે સિદ્ધિ ગુણ મેળવનાર રેન્કને પાત્ર રહેશે.

૪. એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે આચાર્યશ્રી કુલ ૧૦ કૃપા ગુણની મર્યાદામાં ખૂટતા જરૂરી ગુણ આપી શકાશે. આ કૃપા ગુણ પણ વત્તા(+) કરી અલગ દર્શાવવાના રહેશે. આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહિ.

૫. દરેક વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં દરેક વિષયમાં કુલ ૨૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતર કર્યા બાદ સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપવાના રહેશે.

૬. દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.

૭. આ રીતે મેળવેલ સિદ્ધિગુણ કે કૃપા ગુણનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહિ.

**૮. જે વિદ્યાર્થી જે શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં જે વિષયોમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થી માટે શાળાકક્ષાએ તે વિષયોની પુનઃપરીક્ષા ત્યાર પછીના શૈક્ષણિક વર્ષની શરૂઆતના ૧૫ દિવસમાં લેવાની રહેશે. વિદ્યાર્થીની પુનઃપરીક્ષાના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે.**

**નિયમ-૬**

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારાની કલમ ૧૭(૬) અન્વયે કોઈ પણ રજિસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા પરીક્ષા પદ્ધતિ અંગે પ્રયોગ કરવા સ્વતંત્ર છે. પણ તે પરીક્ષા યોજના માટે બોર્ડની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

૨. કોઇપણ રજિસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા આ વર્ગબઢતીના નિયમોથી ઉંચી કક્ષાના નિયમો રાખવા ઇચ્છતી હોય તો તે શાળાએ ૩૧ જુલાઇ સુધીમાં બોર્ડની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે. અને બોર્ડની પૂર્વ મંજૂરી મેળવીને ઊંચી કક્ષાના નિયમો રાખી શકાશે. આવા નિયમો દાખલ કરતી વખતે શાળાએ તેના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓના વાલીને સમયસર જાણ કરવાની રહેશે.

૩. અકસ્માત અથવા માંદગીના ખાસ સંજોગોમાં એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી બાબત આચાર્યશ્રી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઇ નિર્ણય કરશે.

(૧) આવા વિદ્યાર્થીએ આપેલી અન્ય પરીક્ષામાં મેળવેલ ગુણને ટકામાં રૂપાંતર કરી ગેરહાજર રહેલા પરીક્ષાના ગુણ ગણી નિયમ પ્રમાણે વર્ગ બઢતીને લાયક ગણવો.

(૨) કોઈ પણ વિદ્યાર્થીની શાળામાં હાજરી ૧૦૦% ફરજિયાત રહેશે.

- પરંતુ વિદ્યાર્થીઓની માંદગી, કુટુંબમાં શોક, માબાપ અથવા વાલીની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી અથવા રહેઠાણમાં ફેરફાર જેવા ખાસ સંજોગોમાં નીચે દર્શાવ્યા પ્રમાણે હાજરીની તૂટ મંજૂર કરી શકાશે.
- ૧૫ ટકા સુધીની છૂટ આચાર્યશ્રી આપી શકશે.
- ૧૬ થી ૨૫ ટકા સુધીની છૂટ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી આપી શકશે. (૧૫ ટકાથી વધુ)
- ૨૬ ટકા કે તેથી વધુની છૂટ બોર્ડના સચિવશ્રીની પૂર્વ પરવાનગીથી આપી શકાશે.

(૩) જો કોઈ વિદ્યાર્થી સમગ્ર પરીક્ષામાં ગેરહાજર ન રહેતા એક કે વધુ વિષયમાં ગેરહાજર હોય તો તે વિષયની વિદ્યાર્થીએ અગાઉ આપેલી પરીક્ષાના ગુણને ટકાવારીમાં રૂપાંતર કરી ગેરહાજર રહેલા વિષયોમાં નિયમ પ્રમાણે વર્ગબઢતીને લાયક ગણવો.

૪. શાળામાં શીખવવામાં આવતા બધા જ ફરજિયાત વિષયોને ગણતરીમાં લઇ વર્ગ બઢતી આપવાની રહેશે.

૫. જે વિષયોની વર્ષમાં એક જ પરીક્ષા લેવાની જોગવાઈ છે તે વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થી અનિવાર્ય કારણસર ગેરહાજર રહે તો તે પરીક્ષાનું પરિણામ આંતરિક ગુણના આધારે કરવું.

૬. માંદગી સબબ(Medical Ground) કોઈ એક વિષય કે કોઈ એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી વર્ગ બઢતી મેળવે તો તે રેન્કને પાત્ર રહેશે નહીં.

૭. "કોઈ એક પરીક્ષા કે એક વિષયની પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી જો શાળાની પૂર્વ મંજૂરીથી રાજ્ય કે રાષ્ટ્રની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને નિયમાનુસાર વર્ગબઢતી આપવી' જે રેન્કને પાત્ર રહેશે.

૮. આચાર્યશ્રી જરૂર પડે તો પોતે કે વિષયના નિષ્ણાંત પાસે શિક્ષકોએ તપાસેલી ઉત્તરવહીનું મોડરેશન કરી/કરાવી શકશે.

૯. તમામ પરીક્ષાર્થીઓની ઉતરવહીઓ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને બતાવવાની રહેશે.

| | |
|---|---|
| નિયમ-૭ | ધોરણ-૧૦/૧૨ની જાહેર પરીક્ષામાં જે પ્રમાણે દિવ્યાંગ બાળકોને બોર્ડ દ્વારા છૂટછાટ આપવામાં આવી છે, તેવી જ છૂટછાટ ધોરણ-૧૧ની શાળાકીય પરીક્ષામાં પણ આપવાની રહેશે. |